**SARDAR PATEL UNIVERSITY**
University Road
Vallabh Vidyanagar - 388120 (GUJARAT)
NAAC Accredited Grade -'A'(10-01-2023 to 09-01-2028)
Website : www.spuvvn.edu Phone : 02692-226865

એક્ષટર્નલ વિભાગ

તારીખ :૨૧/૦૯/૨૦૨૬

## પરિપત્ર

### બાહ્ય અભ્યાસક્રમ – બ્રીજકોર્ષ અંગે માર્ગદર્શિકા

સંદર્ભ :

૧. યુનિવર્સીટી કાર્યાલય નોધ ક્રમાંક : ડી/એક્ષટર્નલ/૨૦૨૨-૨૩/૬૫૦૦ તારીખ:૦૯/૧૨/૨૦૨૨

૨. યુનિવર્સીટી પરિપત્ર ક્રમાંક : ડી/એક્ષટર્નલ/૨૦૨૨-૨૩/૬૫૨૮ તારીખ:૧૨/૧૨/૨૦૨૨

૩. બાહ્ય અભ્યાસક્રમ સમિતિ, કાર્યનોધ ક્રમાંક : ડી/એક્ષટર્નલ/૨૦૨૩-૨૪/૨૨૭ તારીખ:૧૩/૦૪/૨૦૨૩

૪. બાહ્ય અભ્યાસક્રમ સમિતિ, કાર્યનોધ ક્રમાંક : ડી/એક્ષટર્નલ/૨૦૨૬-૨૭/૩૪૧૫ તારીખ:૧૩/૦૮/૨૦૨૬

યુનિવર્સીટી દ્વારા ચાલવવામાં આવતા અનુસ્નાતક (M.A.) બાહ્ય અભ્યાસક્રમોમાં (એક્ષટર્નલ કોર્ષ) પ્રવેશ અંગે જરૂરી પ્રવેશ લાયકાતની સમકક્ષતા મેળવવા હેતુ વિદ્યાર્થીઓને આપવામાં આવતા Bridge Course અંગે ઉપરોક્ત સંદર્ભોને ધ્યાને લઇ નીચે મુજબની જરૂરી માર્ગદર્શિકા તૈયાર કરેલ છે. જેનો અમલ વર્ષ ૨૦૨૬-૨૭ થી પ્રવેશ મેળવનાર સબંધકર્તા વિદ્યાર્થીઓને લાગુ પડશે.

| ક્રમાંક નં. | માર્ગદર્શિકા સૂચનાઓ |
|---|---|
| ૧. | વિદ્યાર્થીનો સ્નાતક કક્ષાએ જે વિષય હોય તે કરતા જુદો વિષય અનુસ્નાતક કક્ષાએ રાખવા ઈચ્છતા હોય તેવા વિદ્યાર્થીઓએ અનુસ્નાતક કક્ષાએ બ્રીજકોર્ષના વિષયો પાસ કરવાના રહેશે.<br>દા.ત. અર્થસાસ્ત્ર વિષયમાં સ્નાતક (બી.એ.) કરેલ વિદ્યાર્થી જો અનુસ્નાતક (M.A.) બાહ્ય અભ્યાસક્રમમાં ઈતિહાસ વિષયમાં પ્રવેશ મેળવવા ઈચ્છતો હોય તો તે વિદ્યાર્થીએ ઈતિહાસ વિષયમાં બ્રીજકોર્ષના વધારાના ત્રણ પેપર પાસ કરવાના રહેશે. આ વ્યવસ્થા બાહ્ય અભ્યાસક્રમ પુરતી માર્યાદિત છે. |
| ૨. | વિદ્યાર્થીએ બ્રીજકોર્ષના કુલ ત્રણ પેપર આપવાના રહેશે, દરેક પેપર ૧૦૦ માર્ક્સનું રહેશે અને ૪૦ માર્ક્સ પાસીંગ ગણાશે. દરેક પેપર ત્રણ કલાકનું રહેશે. બાહ્ય અભ્યાસક્રમોની પરીક્ષાના માળખા મુજબ જ બ્રીજકોર્ષના પેપરનું માળખું રહેશે. બ્રીજકોર્ષના વિષયોની પરીક્ષા ફી વિદ્યાર્થી પાસેથી લેવામાં આવશે નહિ. |
| ૩. | જે વિદ્યાર્થીઓને બ્રીજકોર્ષ કરવાનો છે તે વિદ્યાર્થીઓને પ્રથમ વર્ષમાં પ્રવેશ પ્રોવિઝનલ આપવામાં આવશે. વિદ્યાર્થીએ બ્રીજકોર્ષ પ્રથમ વર્ષમાં તમામ વિષયો સાથે પાસ કરવાના રહેશે. યુનિવર્સીટીના સબંધકર્તા અનુસ્નાતક વિભાગો દ્વારા વિદ્યાર્થીના બ્રીજકોર્ષના તમામ પેપરોની (કુલ ત્રણ) પરીક્ષા પ્રથમ વર્ષમાં ૨૦ ફેબ્રુઆરી સુધીમાં પૂર્ણ કરવાની રહેશે, તથા સદર તમામ વિષયો પાસ કર્યા અંગેનું પ્રમાણપત્રની નકલ પરીક્ષા વિભાગ, કોમ્પ્યુટર સેન્ટર તથા એક્ષટર્નલ વિભાગમાં જમા કરાવવાની રહેશે. |
| ૪. | વિદ્યાર્થી દ્વારા સમયમર્યાદામાં (પ્રથમ વર્ષમાં) બ્રીજકોર્ષના તમામ પેપર (કુલ ત્રણ) પાસ કરતા સદર તમામ વિષયોને પ્રથમ વર્ષની માર્કશીટમાં દર્શાવવાના રહેશે. બ્રીજકોર્ષના વિષયોના ગુણને કુલ ગુણમાં સામેલ કરવામાં આવશે નહિ. |

| | |
|---|---|
| ૫. | જો વિદ્યાર્થી પ્રથમ વર્ષ દરમ્યાન બ્રીજકોર્ષના તમામ વિષયો પાસ કરવામાં નિષ્ફળ જશે તો તે વિદ્યાર્થીનો પ્રોવિઝનલ પ્રવેશ આપોઆપ રદ ગણવામાં આવશે તથા પરીક્ષાની હોલ ટીકીટ ઈશ્યુ કરવામાં આવશે નહિ. આવા કિસ્સામાં કોઈ પણ પ્રકારની ફી રીફંડ કરવામાં આવશે નહિ. જો વિદ્યાર્થીને અભ્યાસ ચાલુ રાખવો હોય તો પુનઃ પ્રથમ વર્ષમાં નવું એડમીશન કરાવવાનું રહેશે. |
| ૬. | ઉપરોક્ત બ્રીજકોર્ષ અંગેની માર્ગદર્શિકા અંગે કોઈ પણ તકરાર બાબતે માનનીય કુલપતિશ્રીનો નિર્ણય અંતિમ ગણાશે અને તમામને બંધનકર્તા રહેશે. |

નાયબ કુલસચિવ

બર : ડી/એક્ષટર્નલ/૨૦૨૬-૨૭/૪૩૩૧
ારીખ : ૨૧-૦૯-૨૦૨૬
થળ : વલ્લભ વિદ્યાનગર

નકલ રવાના :

(૧) વડાશ્રી, સબંધકર્તા અનુસ્નાતક વિભાગ, સરદાર પટેલ યુનિવર્સીટી, જરૂરી કાર્યવાહી સારૂ.
(૨) વડાશ્રી, પરીક્ષા વિભાગ, સરદાર પટેલ યુનિવર્સીટી, જરૂરી કાર્યવાહી સારૂ.
(૩) નિયામકશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, સરદાર પટેલ યુનિવર્સીટી, જરૂરી કાર્યવાહી સારૂ તથા વેબસાઇટ ઉપર મુકવા અર્થે.